અમદાવાદ CWG માટે રમત મંત્રાલય ગુજરાતને રૂ. 2,000 કરોડની સહાય આપશે

2025ના દર અનુસાર મળનારા 2000 કરોડ 2030માં આશરે રૂ. 2500 કરોડ થવાનો અંદાજ : રમત મંત્રાલય

જરૂર પડ્યે ગુજરાત સરકારની વિનંતી પર વધારાના ભંડોળ બહાર પાડવાની પણ મંત્રાલય દ્વારા જાહેરાત

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ) : કેન્દ્રીય રમત મંત્રાલયે ૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે ગુજરાત સરકારને ૨૦૦૦ કરોડ રૂપિયા સુધીની નાણાકીય સહાય પૂરી પાડવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. રાષ્ટ્રીય રમતગમત ફેડરેશનોને સહાય માટે સુધારેલી યોજના હેઠળ આ રકમ આપવામાં આવી છે. અમદાવાદે ગયા વર્ષે બીડીંગમાં નાઇજીરિયાને હરાવીને કોમનવેલ્થ ગેમ્સ શતાબ્દી આવૃત્તિના આયોજનના અધિકાર મેળવ્યા હતા.

મંત્રાલયે જણાવ્યું હતું કે આ રકમ 2025ના દરો પર આધારિત છે અને ગ્રાહક ભાવ સૂચકાંકના આધારે ગોઠવણો કર્યા પછી, 2030 સુધીમાં તે લગભગ રૂ. 2,500 કરોડ થવાનો અંદાજ છે. તેમણે કહ્યું કે ગુજરાત સરકાર તરફથી જરૂરિયાત મુજબ સહાય જાહેર કરવાની વિનંતી મળતાં ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે ગુજરાત સરકારને આ સહાય નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન સપોર્ટ સ્કીમ (ANSF) હેઠળ પૂરા પાડવામાં આવેલા બજેટમાંથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ યોજનાને 16મા નાણાપંચના કાર્યકાળ હેઠળ 2026-27થી 2030-31સુધી ચાલુ રાખવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ યોજના માટે કુલ રૂ.7,384.74 કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોમનવેલ્થ ગેમ્સના આયોજન માટે ગુજરાત સરકારને 2025ના દર અનુસાર મહત્તમ રૂ.2000 કરોડ (આશરે 20 અબજ ડોલર) પૂરા પાડવામાં આવશે. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) પર આધારિત ગોઠવણો પછી, આ રકમ 2030માં આશરે રૂ.2500 કરોડ (આશરે બે અબજ ડોલર) થવાનો અંદાજ છે. જરૂર પડ્યે ગુજરાત સરકારની વિનંતી પર વધારાના ભંડોળ બહાર પાડવામાં આવશે.

આ વર્ષે ગ્લાસગોમાં યોજનારી કોમનવેલ્થ ગેમ્સના કાર્યક્રમમાં બજેટની મર્યાદાઓને કારણે નોંધપાત્ર ઘટાડો કરીને. ફક્ત 10 રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેની સરખામણીમાં, અમદાવાદમાં 2030 કોમનવેલ્થ ગેમ્સનું આયોજન મોટા પાયે કરવામાં આવી રહ્યું છે. ભારત આ સ્પર્ધામાં 15 થી 17 રમતોનો સમાવેશ કરવાની યોજના ધરાવે છે. આનાથી રમતવીરો અને રમત ચાહકોને સ્પર્ધામાં ભાગ લેવાની વધુ તક મળવાની અપેક્ષા છે.

આજે નિર્ણાયક ટી-20 : ભારત બેટિંગ સુધારવા માગશે

ચોથી ટી-20માં ઘાયલ થયેલા અર્શદીપના કવર તરીકે ટીમમાં ભુવનેશ્વર સામેલ પણ તેને રમાડાશે કે કેમ તે અંગે અનિશ્ચિતતા

બેંગુલુરુમાં સીરિઝની નિર્ણાયક અંતિમ અને પાંચમી ટી-20 મેચ પર વરસાદનું જોખમ

સાંજે 7.00 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બેંગલુરુ, તા. 16 (પીટીઆઈ) : પાંચ મેચની ટી-20 સીરિઝમાં કેરેબિયન ટીમે અત્યાર સુધી યજમાન ટીમને કઠિન મુકાબલો આપ્યો હોવાથી, ભારતે આવતીકાલે શનિવારે અહીં રમાનારી નિર્ણાયક પાંચમી ટી-20 મેચ જીતીને વેસ્ટ ઈન્ડિઝ સામે સીરિઝ જીતવા માટે પોતાની બેટિંગ ખામીઓને દૂર કરીને વધુ સારું પ્રદર્શન કરવું પડશે. સીરિઝ હાલમાં 2-2 થી બરાબર છે. આવતીકાલની મેચ પર જો કે વરસાદી જોખમ તોળાયું છે અને આજે શુક્રવારે બેંગલુરુમાં જોરદાર વરસાદ પણ પડ્યો હતો.

ભારતની સમસ્યાઓ ટોચના ક્રમથી શરૂ થાય છે. સંજુ સેમસન અને અભિષેક શર્માએ અત્યાર સુધીમાં ત્રણ અડધી સદી ફટકારી છે, પરંતુ ઓપનિંગ જોડી તરીકે તેમનું યોગદાન 29, 42, 7 અને 60 રહ્યું છે. હૈદરાબાદમાં, સેમસને 60 રનની ભાગીદારીમાં 56 રન બનાવ્યા, જ્યારે અભિષેકે 2 રનનું યોગદાન આપ્યું. એકવાર ભાગીદારી તૂટી ગયા પછી, મધ્યમ ક્રમ ઈનિંગ્સને યોગ્ય વેગ આપી શક્યો નહોતો. ઈશાન કિશન, કેપ્ટન શ્રેયસ અય્યર અને નમન ધીર મોટી ઈનિંગ્સ રમી શક્યા નહીં. લખનૌમાં પહેલી ટી-20માં 102 રન બનાવ્યા બાદ, શ્રેયસે આગામી ત્રણ મેચમાં 40, 1 અને 16 રન બનાવ્યા. અહીં હાર શ્રેયસની કેપ્ટન તરીકેની છબીને નુકસાન પહોંચાડશે.

એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમની સપાટ પીચને બેટ્સમેન માટે સ્વર્ગ માનવામાં આવે છે. જોકે, ઓક્ટોબર 2024માં ન્યુઝીલેન્ડ સામેની પહેલી ટેસ્ટ મેચ પછી આ મેદાન પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમાયું નથી. કેટલીક IPL મેચો સિવાય, અહીં કોઈ મોટી મેચ રમાઈ નથી. આવી સ્થિતિમાં, ભારત સ્પિનર કુલદીપ યાદવને ટીમમાં પાછો લાવી શકે છે. ત્રીજી અને ચોથી મેચમાં ચૂકી ગયેલો કુલદીપનો અનુભવ ટીમ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. દરમિયાન, અનુભવી ઝડપી બોલર ભુવનેશ્વર કુમાર પાછલી મેચમાં ખભામાં ઈજા પામેલા અર્શદીપ સિંહના કવર તરીકે ટીમમાં સામેલ થયો છે. પ્રિન્સ યાદવ, મયંક યાદવ, ધીર અને રેડ્ડી કેરેબિયન બેટ્સમેનોને રોકી શક્યા નથી. તેથી, ભુવનેશ્વરનો અનુભવ ખૂબ ઉપયોગી સાબિત થશે. જો કે તેને રમાડાશે કે કેમ તે અંગે અનિશ્ચિતતાઓ પ્રવર્તે છે.

આજની મેચમાં જો 23 છગ્ગા પડે તો એક સીરિઝમાં સર્વાધિક 120 છગ્ગાનો રેકોર્ડ તૂટી શકે

બેંગલુરુ, તા. 16 : ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પાંચ મેચની ટી-20 સીરિઝની આવતીકાલે શનિવારે અહી રમાનારી મેચમાં જો બંને ટીમો આ મેચમાં મળીને 23 છગ્ગા ફટકારશે તો એક જ સીરિઝમાં સર્વાધિક છગ્ગા ફટકારવાનો ત્રણ વર્ષ જૂનો રેકોર્ડ તૂટી શકે છે. અત્યાર સુધી રમાયેલી ચાર મેચમાં કુલ 98 છગ્ગા ફટકારવામાં આવ્યા છે. એક સીરિઝમાં સર્વાધિક 120 છગ્ગા ફટકારવાનો રેકોર્ડ 2023માં ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની સીરિઝમાં રચાયો હતો. જો અંતિમ મેચમાં 23 છગ્ગા પડશે તો આ સીરિઝમાં કુલ 121 છગ્ગા સાથે જૂનો રેકોર્ડ તૂટી શકે છે. અત્યાર સુધી, સીરિઝમાં પ્રતિ મેચ સરેરાશ 25 છગ્ગા ફટકારાયા છે, તેથી આ રેકોર્ડ તૂટવાની સંભાવના વધુ છે. આ સીરિઝમાં બંને ટીમોએ મળીને 1,661 રન બનાવ્યા છે. તેમાંથી 1,196 રન બાઉન્ડ્રીથી અને 588 રન ફક્ત છગ્ગાથી આવ્યા છે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટેસ્ટ ટીમમાં આકાશ દીપ, અંશુલ કંબોજની વાપસી

વન ડે સીરિઝની પ્રથમ ત્રણ મેચમાં ગીલ અને તે પછીની બે વન ડેમાં શ્રેયસ કેપ્ટન

પાંચમી વન ડે અને ટેસ્ટ સીરિઝ વચ્ચે ઓછો સમય હોવાથી ગીલ છેલ્લી બે વન ડે નહીં રમે

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ) : ન્યુઝીલેન્ડ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝ માટે ભારતીય ટીમમાં ઝડપી બોલરો આકાશદીપ અને અંશુલ કંબોજની આજે શુક્રવારે પસંદગી કરવામાં આવી છે. તાજેતરમાં જ સ્ટ્રેસ ફ્રેક્ચરમાંથી સાજા થયા બાદ આકાશદીપે ક્રિકેટના મેદાન પર વાપસી કરી છે. આકાશે છેલ્લે 2025ના ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમીને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. જ્યારે ગત વર્ષે ઈંગ્લેન્ડમાં ખરાબ ડેબ્યૂ કર્યા બાદ અંશુલ કંબોજને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો.

ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચની વન-ડે સીરિઝની છેલ્લી બે મેચમાં શ્રેયસ અયર ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે નિયમિત કેપ્ટન શુભમન ગિલ ટેસ્ટ સીરિઝ પહેલા રેડ-બોલ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હોવાથી અંતિમ બે વન ડેમાં તે રમવાનો નથી. ટેસ્ટ સીરિઝ 19 નવેમ્બરથી રમાશે અને તેની પૂર્વે 4 નવેમ્બરથી વન-ડે સીરિઝની શરૂઆત થશે.

ભારતની વન-ડે ટીમ (પ્રથમ ત્રણ વન-ડે માટે)

શુભમન ગિલ (કેપ્ટન), રોહિત

શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અયર (વાઇસ-કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), નિતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધિર, અંશુલ કંબોજ, ગુરનૂર બ્રાર, ૠતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, ઇશાન કિશન (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણ*, કુલદીપ યાદવ.

ભારતની વન-ડે ટીમ (ચોથી અને પાંચમી વન-ડે માટે)

શ્રેયસ અયર (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, તિલક વર્મા, ઇશાન કિશન (વિકેટકીપર, વાઇસ-કેપ્ટન), નિતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધિર, આકિબ નબી, ગુરનૂર બ્રાર, ૠતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, કુમાર કુશાગ્રા (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ, યશ ઠાકુર, કુલદીપ યાદવ.

ભારતની ટેસ્ટ ટીમ

શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કે.એલ. રાહુલ (વાઇસ-કેપ્ટન), દેવદત્ત પડ્ડીકલ, ૠષભ પંત (વિકેટકીપર)*, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, અંશુલ કંબોજ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણ, આકાશદીપ, સાઈ સુદર્શન, નિતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ.

* ફિટનેસ ક્લિયરન્સને આધીન.

ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ગિલ પોતાના ખર્ચે નેટ બોલરોને લઇ જશે

નવી દિલ્હી, તા. 16 : ન્યુઝીલેન્ડ સામે આગામી ટેસ્ટ સીરિઝની તૈયારીઓને ગંભીરતાથી લઈ રહેલો ભારતીય ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ પોતાના ખર્ચે પ્રવાસ પર ચારથી પાંચ નેટ બોલરોને લઇ જશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) વિદેશી પ્રવાસો પર ખેલાડીઓની પ્રેક્ટિસ માટે નેટ બોલરોની પણ વ્યવસ્થા કરે છે, પરંતુ આ પહેલી ઘટના માનવામાં આવે છે કે કોઇ ભારતીય ક્રિકેટર પોતાના ખર્ચે બોલરોના અલગ જૂથને લઈ જાય. બીસીસીઆઇના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ગિલ 23 કે 24 ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ જવા રવાના થવાની શક્યતા છે. તે તેની સાથે આવનારા ચારથી પાંચ બોલરોના પ્રવાસ અને અન્ય ખર્ચાઓ ચૂકવશે. પોતાના વ્યસ્ત શેડ્યૂલને કારણે, ગિલ ન્યુઝીલેન્ડ A સામે ભારત A ની ટેસ્ટ મેચોમાં ભાગ લેશે નહીં. તે વન ડે પણ રમવાનો હોવાથી ટેસ્ટ તૈયારીઓ માટે વધારાનો સમય મેળવવા માટે વહેલો ન્યુઝીલેન્ડ જશે. આનાથી તેને ત્યાંની પરિસ્થિતિઓમાં અનુકૂલન સાધવાની અને તેની રેડ-બોલ રમતમાં સુધારો કરવાની તક મળશે.

અન્વય દ્રવિડની દોઢી સદીથી ગુજરાતને હરાવી કર્ણાટક નોકઆઉટમાં

ગુજરાતે સમીર અને યશની સદીની મદદથી મૂકેલા 357 રનના લક્ષ્યાંકને કર્ણાટકે અન્વય-ધ્રુવની સદીની મદદથી 45.3 ઓવરમાં આંબ્યો

વિજયનગરમ, તા. 16 (પીટીઆઈ) : ભારતના માજી કેપ્ટન રાહુલ દ્રવિડના નાના પુત્ર અન્વય દ્રવિડે 100 બોલમાં શાનદાર 151 રન ફટકારતા કર્ણાટક અંડર-19 ટીમે આજે શુક્રવારે અહીં ગુજરાતને પાંચ વિકેટથી હરાવીને વિનુ માંકડ ટ્રોફીના નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કર્યો હતો. કેપ્ટન અન્વયે પોતાની આક્રમક ઈનિંગમાં 20 ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા. તેને ધ્રુવ કૃષ્ણનનો સારો સાથ મળ્યો, જેણે 100 બોલમાં 131 રન બનાવ્યા. તેમની ઈનિંગના કારણે કર્ણાટક VJD પદ્ધતિ હેઠળ 45.3 ઓવરમાં 352 રનના વિશાળ લક્ષ્ય સુધી પહોંચી ગયું. અન્વય અને ધ્રુવે 26 ઓવરથી થોડા વધુ સમયમાં ત્રીજી વિકેટ માટે 203 રનની જંગી ભાગીદારી નોંધાવી. અગાઉ, ગુજરાતે સમીર ભંડારી 88 બોલમાં નોટઆઉટ 119 અને યશ પનવારાની (57 બોલમાં નોટઆઉટ 106 રનની ઈનિંગ્સની મદદથી 50 ઓવરમાં ચાર વિકેટે 357 રન બનાવ્યા હતા.

વસીમ જાફરે મુખ્ય પસંદગીકાર બનવા માટે અરજી કરી

સૌથી વધુ ટેસ્ટ રમવાના કારણે જાફર પસંદગી અધ્યક્ષ બનવા માટે લાયક પણ પ્રજ્ઞાન ઓઝાને BCCIમાંથી મજબૂત સમર્થન

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઇ) : માજી ભારતીય ઓપનર વસીમ જાફરે રાષ્ટ્રીય ટીમના મુખ્ય પસંદગીકારના ખાલી પદ માટે અરજી કરી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ અજિત અગરકરનો કાર્યકાળ ન વધારવાનો નિર્ણય લીધા બાદ આ પદ ખાલી પડ્યું છે. જાફરે આ વાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે હા, મેં આ પદ માટે અરજી કરી છે.

જાફરે ભારત માટે 31 ટેસ્ટ મેચ રમીને લગભગ 2000 રન બનાવ્યા, જેમાં પાંચ સદીનો સમાવેશ થાય છે. તેની ટેસ્ટ સદીઓમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની બેવડી સદી અને દક્ષિણ આફ્રિકામાં એક સદીનો સમાવેશ થાય છે. તેણે કોલકાતામાં પાકિસ્તાન સામે પણ બેવડી સદી ફટકારી હતી. જો અશોક મલ્હોત્રા અને જતીન પરાંજપેની બનેલી ક્રિકેટ સલાહકાર સમિતિ (સીએસી) જાફરની પસંદગી કરે છે, તો તે ચેરમેન પદ માટે વિચારણા હેઠળના ઉમેદવારોમાં સૌથી વધુ ટેસ્ટ મેચ રમવાનો રેકોર્ડ ધરાવશે.

જાફરે 31 ટેસ્ટ રમી છે, જે 24 ટેસ્ટ રમનારા પ્રજ્ઞાન ઓઝા કરતા વધુ છે. વર્તમાન પસંદગી પ્રક્રિયા હેઠળ, સૌથી વધુ ટેસ્ટ મેચ રમનાર પ્રદેશના પ્રતિનિધિને પસંદગી સમિતિના અધ્યક્ષ બનવા માટે લાયક ગણવામાં આવે છે. જોકે, પ્રજ્ઞાન ઓઝાને પ્રમુખ તરીકે જાળવી રાખવા માટે બીસીસીઆઈની અંદર મજબૂત સમર્થન હોવાનું માનવામાં આવે છે. આનાથી નવી પસંદગી સમિતિની રચના પર અસર પડી શકે છે.

સુડોકુ

૮				૭		૨		૪
	૪					૬		૩
		૯				૫		
૪				૧	૭	૩		૯
૩	૯	૧			૬	૮		૭
	૨			૯				૧
૧	૭	૪			૨	૯		
		૩	૭	૬	૯	૧		
૯	૬	૨		૪			૮	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કબજિયાત

હરડે ચૂર્ણ, એક એક ચમચી, સવારે અને સાંજે ગોળ સાથે આપવાથી કબજિયાત દૂર થશે.

શબ્દગુંફન - ૭૨૭૨

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. કાયદો, રિવાજ (3)
3. પતિ (૪)
૬. અગત્ય, જરૂરિયાત (3)
૭. રોષ, ગુસ્સો (૨)
૮. એક ફળ જે સુકાવાથી ખારેક બને છે (3)
૯. એક જંતુ (૨)
૧૧. ઓછું, ખરાબ (૨)
૧૨. ભૂલ, કસૂર (૨)
૧૩. અદબ, વિવેક (3)
૧૫. ગમતું (3)
૧૭. મસાલામાં વપરાતું સોડમવાળું એક બી (૨)
૧૮. શંકા, શક (3)
૧૯. રમતમાં આવતો વારો (૨)
૨૦. મોખરે, આગળ (૨)
૨૧. ઉપવાસ કરવો તે (૪)
૨૩. યુદ્ધ, લડાઈ (૨)
૨૪. કિનારો, કાંઠો (૨)
૨૬. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (3)
૨૮. નસીબ, ભાગ્ય (૪)
૩૧. એક કિંમતી પથ્થર (૨)
૩૨. દીવો, દીપક (૨)
33. એક ફળ (૪)

ઊભી ચાવી

૧. બહુ પગવાળો એક નાનો જીવ (૫)
૨. ધ્યાન બહાર રહેલી ભૂલ (૫)
3. ભરવું કે ભરાવું તે (3)
૪. છેડો, નિવેડો (૨)
૫. ઉછાળો, જુસ્સો, વેગ (૨)
૭. વીસ ઘા કાગળ (૨)
૧૦. એક વાદ્ય, ડાકલું (3)
૧૨૧. મોટી આકૃતિ કે કદવાળું (૪)
૧૪. ખુશબો, મહેક (૪)
૧૬. બાગ, આનંદ (3)
૧૭. પ્રાણ, જાન (૨)
૧૯. આપવું તે (૨)
૨૦. છોડાં કાઢી નાંખેલી (3)
૨૧. પ્રસંગ, ટાણું (૪)
૨૨. કરાર, હોડ, બોલી (3)
૨૪. એક તેલી બી (૨)
૨૫. દીવો, દીપક (3)
૨૭. હેત, લાગણી (3)
૨૯. કોઇકવાર, ક્યારેક (૨)
30. કરામત (૨)



આજનું પંચાંગ

તા. 17/09/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** આસો
તિથિ: સુદ, સાતમ: વૃદ્ધિ તિથિ છે
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : અસો: 25
યોગ : અતિગંડ **કરણ:** વિષ્ટિ
નક્ષત્ર: મૂળ: 09-47 સુધીમાં જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ: અશુભ: સરસ્વતી પૂજન: 09:47 પછી- સૂર્ય તુલામાં 19:52
સુરતમાં સૂર્યોદય : 06:36 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:12
નવકારસી : 07:24
પારસી વર્ષ : 1396 ખોરદાદ માસનો 04થો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ અવલ માસનો 05મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): લેખન, શિક્ષણ, પ્રકાશન વિદેશ આયાત નિકાસને લગતો કામ થાય. બૌદ્ધિક કાર્ય પાર પડશે.

વૃષભ (બ,વ,ઉ,): ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. ગૂઢ વિદ્યામાં રસ જાગે. સરકારી કામમાં પ્રગતિ થાય. ખર્ચા વધે.

મિથુન (ક,છ,ઘ,): ભાગીદારોમાં પ્રગતિ થાય. સમાજજીવનમાં યશ મળે. રોજની આવક વધે. નોકરીમાં મદદ મળે.

કર્ક (ડ,હ,): ખાવા-પીવામાં ધ્યાન રાખવું. ખર્ચા બાબતે ગુપ્ત ભય સતાવે.

સિંહ (મ,ટ,): વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. મોજ-શોખના ધંધામાં લાભ.

કન્યા (પ,ઠ,ણ,): બહારના કામમાં બોજ સતાવે. ઘરમાં અનુકુળતા રહે. નોકરીમાં મદદ મળે. આવક વધે.

તુલા (ર,ત,): અચાનક નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધે. વહીવટી કુનેહથી અધૂરાં કામ પાર પડે.

વૃશ્ચિક (ન,ય,): વાણી માર્કેટીંગ શિક્ષણ અને દાલાલીને સંલગ્ન કામમાં સફળતા મળે. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આત્મવિશ્વાસ વધે. નવી જવાબદારીથી પ્રભાવ વધે. જાવક વધારવાના નવા રસ્તા ખૂલે.

મકર (ખ,જ,): ગુપ્ત ભય સતાવે. કોઇની વાતોમાં નિર્ણય બદલવા નહી. ખર્ચા વધશે. ધર્મ કર્મ થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો, વડીલો સંતાનો જીવનસાથી સાથે ધાર્મિક મેળાવડામાં ભાગ લેવાનું બને.

મીન (દ,ચ,ઝ,થ,): ધંધામાં આવક વધે. મોજ-શોખ અને ગારમેન્ટ્સ કોસ્મેટીક જેવા ધંધામાં આવક વધશે.

કોઈ પણ સાલમાં 17 ઓક્ટોબર જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષમય પસાર થશે. નોકરી-ધંધામાં હરીફો સતાવે. નવા ફેરફાર અને કામના બોજ નવી જવાબદારી વધારે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોમાં અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. સરકારી કમિ. કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાન બાબતે વડીલોની મદદથી પ્રગતિ થાય. વાહન, મકાન બાબતે વડીલોની મદદથી પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ-વિવાહમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. વારસો, જાયદાદ, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. સ્ત્રી વર્ગને સમસ્યાનો સામનો વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં શુક્ર, શનિવાર, 08,17,26 તારીખે નવા કામ કરવા. કાળા, નીલા રંગનો ઉપયોગ વધારવો. માર્ચ-એપ્રિલમાં બુધવાર, 07,16,25 તારીખે નવાં કામ ટાળવાં. સોનેરી રંગનો ઉપયોગ વધારવો.

મહિલા ટી-20 : ભારતે નીક્કી-દીપ્તિની ભાગીદારીથી ઝિમ્બાબ્વેને હરાવ્યું

કેલીસ એન્ડલોહવુની પ્રભાવક ઇનિંગ છતાં ભારતીય બોલરોએ ઝિમ્બાબ્વેને પાંચ વિકેટે 114 રન સુધી સિમિત રાખ્યું

19 રનમાં ચાર વિકેટ ગુમાવ્યા પછી ડેબ્યુટન્ટ નીક્કી અને દીપ્તિએ 82 રનની ભાગીદારી કરીને ભારતને જીતાડ્યું

રાયપુર, તા. 16 : ત્રણ મેચની મહિલા ટી-20 સીરિઝની આજે શુક્રવારે અહીં રમાયેલી પહેલી મેચમાં ઓપનર કેલીસ એન્ડલોહવુની 44 બોલમાં 42 રનની ઈનિંગ રમવા છતાં ભારતીય બોલરોએ ઝિમ્બાબ્વેને પાંચ વિકેટે 114 રન સુધી સિમિત રાખ્યું હતું. મેચ જીતવા માટે મળેલા 115 રનના લક્ષ્યાંકને ભારતે ડેબ્યુટન્ટ નીક્કી પ્રસાદ અને દીપ્તિ શર્માની રેકોર્ડબ્રેક ભાગીદારીની મદદથી 15.4 ઓવરમાં છ વિકેટે આંબીને મેચ 26 બોલ પાકી રાખી ચાર વિકેટે જીતી હતી. દીપ્તિ અને નીક્કી વચ્ચેની ભાગીદારી ટી-20 ઈન્ટરનેશનલમાં ભારત વતી નોંધાયેલી પાંચમી વિકેટની સૌથી મોટી ભાગીદારી રહી હતી.

ઝિમ્બાબ્વે માટે એનડલોહાવુની ઈનિંગ્સ સૌથી પ્રભાવશાળી રહી જ્યારે અન્ય બેટરે ભારતીય બોલિંગ આક્રમણ સામે સંઘર્ષ કરવો પડ્યો. શાર્ને મેયર્સે અંતિમ ઓવરોમાં 33 બોલમાં નોટઆઉટ 43 રન બનાવીને ટીમના સ્કોરને કંઈક અંશે સન્માનજનક સ્થિતિમાં પહોંચાડ્યો હતો. એનડલોહાવુએ મોટા મંચ પર પોતાની શોટ બનાવવાની ક્ષમતાનું શાનદાર પ્રદર્શન કરીને શોર્ટ બોલમાં તીક્ષ્ણ કટ અને પુલ શોટ રમ્યા. જોકે, ઝિમ્બાબ્વેએ 10 ઓવરમાં 1 વિકેટે 60 રન બનાવ્યા પછી, ડાબા હાથની ઓપનરનો રન રેટ ઘણો ધીમો પડી ગયો. તે છેલ્લા 12 બોલમાં ફક્ત બે રન જ બનાવીને આઉટ થઇ હતી. ઝિમ્બાબ્વેની બેટર્સે ઘણા બધા ડોટ બોલ રમ્યા. ભારત જેવી મજબૂત ટીમને પડકારવા માટે તેમને હજુ પણ નોંધપાત્ર સુધારો કરવાની જરૂર છે.

અનુસંધાન... પાના પહેલાનું

મોદી 11-12...

પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે ભારત અને કેનેડા મળીને વધુ સ્થિર અને સમૃદ્ધ વિશ્વના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

કેનેડાના વડા પ્રધાનના કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું છે કે બંને નેતાઓએ 'કોમ્પ્રીહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ' (સીઈપીએ) પરની વાટાઘાટોને વહેલામાં વહેલી તકે આખરી ઓપ આપવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. આ કરાર પૂર્ણ થવાથી વર્ષ 2030 સુધીમાં બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વેપારને બમણો કરવામાં મોટી મદદ મળશે.

દિલ્હીમાં 'લહેરા દો...

કરી હતી. અટકાયત પહેલાં દિલ્હી પોલીસે અભિજીત દિપકેના ઘરે બે નોટિસ મોકલી હતી. પ્રથમ નોટિસમાં કનોટ પ્લેસ જેવા અતિ વ્યસ્ત સ્થળે, જ્યાં પ્રતિદિન 2 લાખ મેટ્રો મુસાફરો અને 15 લાખ વેપારીઓ-કર્મચારીઓ અવરજવર કરે છે, ત્યાં ભીડ અને નાસભાગના જોખમને ટાંકીને રેલી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બીજી નોટિસ શાંતિ જાળવવાના બોન્ડ શરતોના ભંગ બદલ આપવામાં આવી હતી. પોલીસે સ્પષ્ટ કર્યું હતું કે નિયમોનો ભંગ કરનારા સામે BNS કલમ 223 હેઠળ ગુનો નોંધવામાં આવશે.

અજ્ઞાત સ્થળે રાખવાના સીજેપી અને આઈસાના આરોપો

સીજેપી અને આઈસા સંગઠનોએ સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે પોલીસે અટકાયત બાદ તેમના નેતાઓને ક્યાં રાખ્યા છે તે અંગે કોઈ જાણકારી આપવામાં આવી રહી નથી. સીજેપીએ જણાવ્યું કે અભિજીત દિપકેને હાથમાં તિરંગો લઈને ઘરની બહાર નીકળતા જ કસ્ટડીમાં લેવાયા અને કાનૂની મદદથી વંચિત રાખવામાં આવ્યા છે. જ્યારે આઈસાએ દાવો કર્યો કે તેમની પ્રમુખ નેહા બોરાને મંગોલપુરીના એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ સેન્ટરમાં એકલા રાખવામાં આવ્યા હતા અને બાદમાં કાળા કાચવાળી કારમાં અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

વેપારીઓની ચિંતા

તહેવારોની મોસમમાં કનોટ પ્લેસ અને પાલિકા બજાર જેવા વિસ્તારોમાં વારંવાર થતા પ્રદર્શનો અને ટ્રાફિક ડાયવર્ઝનને કારણે વેપારીઓએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. નેશનલ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) અને લાજપત નગર ટ્રેડર્સ એસોસિએશને જણાવ્યું હતું કે વિરોધ પ્રદર્શનોને કારણે તેમના વેપારને મોટું નુકસાન થઈ રહ્યું છે. વેપારી સંગઠનોએ તહેવારો દરમિયાન પ્રદર્શનો પર પ્રતિબંધ મૂકવા અને થયેલા નુકસાન બદલ વળતર આપવાની માંગ કરી છે.

નેતાઓની અટકાયત અને ઘટનાક્રમ

અભિજીત દિપકે (સ્થાપક, CJP): ઝંડેવાલાન સ્થિત નિવાસસ્થાનેથી બહાર નીકળતી વખતે અટકાયત કરી જાફરપુર કલાન પોલીસ સ્ટેશને મોકલાયા.

નેહા બોરા (પ્રમુખ, AISA): મંડી હાઉસ ખાતે પ્રદર્શનમાં જોડાવવા જતી વખતે અટકાયત કરાઈ.

કુલ અટકાયત: દિલ્હીના કનોટ પ્લેસ અને મંડી હાઉસ વિસ્તારોમાંથી આશરે 150 વિરોધકર્તાઓની અટકાયત.

સુરક્ષા બળ: 6,000 દિલ્હી પોલીસ કર્મચારીઓ અને CAPFની 220 કંપનીઓ તૈનાત.

સ્પર્ધાનું સ્વાગત...

ભારતમાં કામ કરતી દરેક કંપનીએ દેશના કાયદા અને નીતિઓનું પાલન કરવું જ પડશે.

મસ્કના આરોપોનો સત્તાવાર જવાબ આપતાં કંપનીએ ઉમેર્યું હતું કે, રિલાયન્સ ક્યારેય સ્પર્ધાથી ડરી નથી. વર્ષ 2016માં જિયોએ ઝીરો ગ્રાહક સાથે ટેલિકોમ ક્ષેત્રે પ્રવેશ કર્યો હતો અને આજે 53 કરોડથી વધુ ગ્રાહકોનો વિશ્વાસ જીત્યો છે. ભારતમાં રોકાણ અને નવીનતા માટેના દ્વાર હંમેશા ખુલ્લા છે અને આ વ્યવસ્થા કાયદાના શાસન પર આધારિત છે. જે રીતે વિદેશી કંપનીઓ મંજૂરીઓની રાહ જોઈ રહી છે, તેમ જિયોની પોતાની સેટેલાઇટ સેવાઓ પણ સરકારી મંજૂરીઓની રાહ જોઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પર ઈજારો જાળવી રાખવાનો આરોપ લગાવી ભારતીય ઉદ્યોગપતિઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે મુકેશ અંબાણીને કટાક્ષમાં 'વડા પ્રધાન અંબાણી' કહ્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શું દેશના નિર્ણયોમાં પીએમ મોદી કરતા અંબાણીનો પ્રભાવ વધુ રહે છે?

આ અગાઉ ભારતી એરટેલના સુનિલ મિત્તલે પણ સ્પષ્ટ કર્યું હતું કે તેમની કંપની 'વનવેબ' લાઈનમાં મસ્ક કરતાં ઘણી આગળ છે. કેન્દ્રીય ટેલિકોમ મંત્રાલય અને સરકારી સૂત્રોએ પણ મસ્કના આરોપોને પાયાવિહોણા ગણાવતા સ્પષ્ટ કર્યું છે કે સુરક્ષા મંજૂરીઓ અને સ્પેક્ટ્રમ ફાળવણીના નિયમો તમામ માટે એકસમાન છે અને કાયદાનું પાલન કર્યા વિના સેવા શરૂ થઈ શકે નહીં.

ડોલરની તંગી...

આ ઉપરાંત, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે નવેમ્બર 2019માં ભારતે ચીનથી સસ્તા માલની આયાત વધવાની અને સ્થાનિક ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્રને નુકસાન થવાની આશંકાથી રીજનલ કોમ્પ્રીહેન્સીવ ઈકોનોમીક્સ પાર્ટનરશીપ (આરસીઈપી) કરારમાંથી બહાર નીકળવાનો જે નિર્ણય લીધો હતો તે યોગ્ય હતો, કારણ કે આ કરારમાં ભારત માટે ખાસ કંઈ ન હતું.